Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

તા.9/6/2021/7312

**શ્રી વિજયભાઈ રૂપાણી**
**માનનીય મુખ્યમંત્રીશ્રી**
ગુજરાત રાજ્ય
ગાંધીનગર

**વિષય: કેન્દ્ર સરકારની CSS-NMFP યોજનાને Delink કરવાને કારણે અગાઉ સ્વીકારવામાં આવેલ ફૂડ પ્રોસેસીંગ એકમોની અરજીઓ માટે રાજ્ય સરકાર તરફથી સ્કીમ અંતર્ગત લાભ આપવા વિનંતી**

માનનીય મુખ્યમંત્રીશ્રી

આપની કુશળતા ઇચ્છું છું.

આપ વિદિત હશો તેમ ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૨-૨૦૧૭ ના સમયગાળા માટે ગુજરાતમાં લઘુ ફૂડ પ્રોસેસિંગ એકમોની સ્થાપના કરતાં ઉદ્યમીઓની મદદના આશયથી કેન્દ્ર સરકારની MOFPI ની મદદ થી CSS-NMFP યોજના લાગુ કરવામાં આવી હતી. આ સ્કીમનો લાભ ઘણા નાના ફૂડ પ્રોસેસિંગના એકમોએ લીધો હતો.

પરંતુ તા.૩૧/૦૩/૨૦૧૫ માં અચાનક GAIC (નોડલ એજન્સી) દ્વારા સૂચના આપવામાં આવી કે કેન્દ્ર સરકાર દ્વારા આ CSS-NMFP યોજના ડી-લિન્ક કરવામાં આવી છે અને સ્કીમ અંતર્ગત આપવામાં આવતી સહાય બંધ કરવામાં આવી હતી. વધુમાં એવું જણાવવામાં આવ્યું કે હવે પછી આ યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ પણ નવી સબસિડીની અરજી સ્વીકારવામાં આવશે નહીં અને કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને ફાળવેલ વધારાના નાણાંમાંથી આ સ્કીમ ચાલુ રાખવાની જવાબદારી રાજ્ય સરકારોને સોંપવામાં આવી હતી.

આ સબસિડી અચાનક બંધ થયેલ હોવાથી ગુજરાતના ઘણા નાના ફૂડ પ્રોસેસીંગ એકમો કે જેમણે તેમની સંપૂર્ણ મૂડી ઉદ્યોગની સ્થાપના માટે વાપરી દીધેલ અને સરકારની જાહેર સબસિડીની યોજનાના નિયમ અનુસાર અરજી કરી હોવા છતાં તેમને આજ દિન સુધી કોઈ પણ લાભ ન મળવાને કારણે તેઓ ભયંકર આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. COVID-19 ને કારણે નાના એકમોને આર્થિક મંદીનો સામનો કરવો પડી રહ્યો છે અને આજના સમયમાં પ્રતિસ્પર્ધા પણ ખુબ વધી છે. વધુમાં ફૂડ પ્રોસેસીંગ એક જીવન જરૂરિયાતનું ક્ષેત્ર હોવાથી તેમને આ સબસિડીનો લાભ મળે તે ખુબ જરૂરી છે.

આવી અરજીઓને હાલમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવતી સબસિડીની યોજનામાં સામેલ કરવામાં આવે તો સરકારની પ્રતિબદ્ધતા પૂરી થશે અને ઉદ્યોગોને આવા કપરા સમયમાં ટકવા માટે આર્થિક મદદ મળશે.તેથી ઉપરોક્ત બાબતમાં સકારાત્મક નિર્ણય લઇ આવા નાના ફૂડ પ્રોસેસીંગ એકમોને સબસિડી રાહત આપવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

આભાર સહ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

બીડાણ : શ્રીમતી હરસિમરત કૌર બાદલ, ભુતપૂર્વ મંત્રી ,ફૂડ પ્રોસેસીંગ ઇન્ડસ્ટ્રીઝ ,ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારને મોકલેલ પત્ર

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

हरसिमरत कौर बादल
**Harsimrat Kaur Badal**

खाद्य प्रसंस्करण उद्योग मंत्री
भारत सरकार
**MINISTER OF FOOD PROCESSING INDUSTRIES**
**GOVERNMENT OF INDIA**

सत्यमेव जयते

**D.O. No. 1-54/2011-PC/NMFP/Gujarat** 7218

**Dated: the 28th December, 2016.**

Respected Shri Rupani ji,

Please refer to your D.O. letter No. CMS/GOI/207 dated 15.10.2016 regarding allocation of additional funds to cater to the committed liabilities that have arisen due to de-linking of CSS-NMFP scheme from Central Govt. support.

I have had the matter examined. As you are aware, in the Union Budget (2015-16) presented on 28.02.2015, Government of India (GOI) has announced de-linking of Centrally Sponsored Scheme – National Mission on Food Processing (CSS-NMFP) from Central Government support w.e.f. 01.04.2015. Accordingly, no allocation/budget have been provided for implementation of CSS-NMFP by State Governments during FY-2015-16 and onwards. In view of de-linking of NMFP, Ministry of Food Processing Industries had requested all the State Governments to meet the committed liabilities under CSS-NMFP from the States' own increased resources resulting from the recommendations of 14th Finance Commission. Further, the State Governments have also been requested to take a decision for running the schemes of CSS-NMFP or otherwise w.e.f. 01.04.2015 and onwards. (Copy enclosed).

I would also like to inform you that earlier I had taken up the above matter with Ministry of Finance for allocation of funds to complete committed liabilities of CSS-NMFP scheme but the Ministry of Finance reiterated that the CSS-NMFP had been de-linked from Central Government as a consequence of higher devolution of funds to States and that States Governments need to address the above issue from the States' own increased resources.

I hope you would appreciate the position.

With regards,

Yours sincerely,

Harsimrat

**(Harsimrat Kaur Badal)**

**Shri Vijay Rupani**
Hon'ble Chief Minister
Government of Gujarat,
3rd Floor, Swarnim Sankukl-1, Sachivalaya,
Gandhinagar-382 010,
Gujarat.

**Office:** Panchsheel Bhawan, August Kranti Marg, New Delhi-110 049
Tel. : +91 11 2649 3889, 2649 3890 Fax. : +91 11 2649 3298, E-mail : minister.fpi@gov.in

**Resi:** 12, Safdarjung Road, New Delhi-110 011
Tel. : +91 11 23010829, 23013562

O/C

letter issued